# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-11-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## SABARMATI REPORT TAX FREE

રાજ્ય સરકારે તાજેતરમાં રિલીઝ થયેલી હિન્દી ફિલ્મ "ધ સાબરમતી રિપોર્ટ"ને કરમુક્ત જાહેર કરી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના નેતાઓએ પીઢ અભિનેતા જિતેન્દ્ર કપૂર અને અભિનેત્રી રિદ્ધિ ડોગરા સાથે અમદાવાદના સિનેમાગૃહમાં આ ફિલ્મ નિહાળી હતી. દરમિયાન ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ માહિતી આપી હતી.

### (બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

----------------------------

## GANDHINAGAR MUNICIPAL MUDDA

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે યોજાયેલી સામાન્ય સભામાં શહેરનાં 11 મુદ્દાઓને સર્વસંમતિથી મંજૂર કરાયા છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, શહેરમાં અન-અધિકૃત હૉર્ડિંગ્સ હટાવવા કડક નીતિ બનાવવા મેયર મીરાં પટેલે આદેશ આપ્યા છે. ઉપરાંત મહાનગરપાલિકાના 266 રોજમદાર કર્મચારીઓને ESIC એટલે કે, કર્મચારી રાજ્ય વીમા નિગમનો લાભ આપતી દરખાસ્તને મંજૂરી અપાઈ છે.

ઉપરાંત પેથાપુર ગામમાં ધોરણ આઠના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની શાળાઓ બનાવવાનો નિર્ણય પણ કરાયો છે.

આ માટે શહેરનાં મેયરે સભ્ય તરફથી રજૂ કરાયેલી દરખાસ્તને મંજૂરી આપી છે.

----------------------------

## PANCHMAHAL KHANIJ KARYAVAHI

પંચમહાલમાં બ્લેક ટ્રેપ ભરેલી છ જેટલી ટ્રક પકડી 2 કરોડથી વધુનો માલસામાન કબજે કર્યો છે. પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પૂરોહિત જણાવે છે કે, ખાણખનીજ વિભાગની ટુકડીએ ગઈકાલે રાત્રિ પહેરો દરમિયાન ગોધરા તાલુકાના ગોઠગા ગામ અને હાલોલ તાલુકાના બોરુ ગામમાં તપાસ કરી હતી.

દરમિયાન બ્લેક ટ્રેપ ભરેલી 6 ટ્રક પકડાતાં તેમાં તપાસ કરતાં 2 કરોડ 40 લાખ રૂપિયાનો માલસામાન કબજે કરી 6 લોકોની અટકાયત કરી હતી. આ માલસામાન ગોધરા તાલુકાના કોટડા અને હાલોલમાં જપ્ત કરીને મુકાયો છે.

---------

## CYBER CRIME ARREST

શાળા અને કોલેજની યુવતીઓને ટાર્ગેટ કરીને ઓનલાઇન વોટ્સએપ હેક કરી છેતરપીંડી આચરતા આરોપીને ઝડપી લેવાયો છે..

રાજ્ય સાયબર સેલની ટીમે મધ્યપ્રદેશના આ આરોપીની ધરપકડ કરી હતી.

આરોપીની પ્રાથમિક પૂછપરછમાં ગુજરાત સહિત વિવિધ રાજ્યોની ૧૦૦થી વધુ યુવતીઓ સાથે છેતરપિંડી આચરી હોવાનું તેણે કબૂલ્યુ હતું. આરોપીની સઘન પૂછપરછ શરૂ કરી આ ગેંગના તેના અન્ય સૂત્રધારોને પકડવા સાયબર ક્રાઇમ સેલે તજવીજ હાથ ધરી છે. આરોપીના બેંક એકાઉન્ટ તથા મોબાઇલ નંબરની વિગતો મેળવી સ્ટેટ સાયબર ક્રાઇમ સેલની ટીમે વિસ્તૃત પૃથ્થકરણ કરીને આરોપીને પકડ્યો હતો, તેમ સ્ટેટ સાયબર ક્રાઇમ સેલના એસ.પી. ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું હતું.

(બાઇટ- ધર્મેન્દ્ર શર્મા, એસ.પી., સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ)

-----------------------------------

## GCCI BELGIYUM MEET

ગુજરાત વ્યાપારી મહામંડળ દ્વારા બેલ્જીયમ ના "પોર્ટ ઓફ એન્ટવર્પ બર્જેસ અને ફ્લેન્ડર્સ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટ્રેડ" સાથે બેઠક અને તજજ્ઞો સાથે ચર્ચા યોજાઇ હતી. ગુજરાત અને બેલ્જિયમ વચ્ચેના વેપાર સંબંધોને વધારવાના આશયથી આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.. બેલ્જિયમની અગ્રણી શિપિંગ અને લોજિસ્ટિક્સ કંપનીઓના પ્રતિનિધિઓ અને જીસીસીઆઇના પ્રતિનિધિઓ વચ્ચે આ ચર્ચા યોજાઇ હતી..

ઉદ્યોગો સાથે સંકળાયેલ ભારતીય કંપનીઓના પ્રતિનિધિઓ વચ્ચે શિપિંગ અને લોજિસ્ટિક્સ ઉદ્યોગ અન્વયે વ્યાપાર તેમજ ઉદ્યોગની વિવિધ તકો શોધવા અંગે વિસ્તૃત ચર્ચાઓ થઇ હતી. આ તબક્કાવાર બેઠકોના દોરમાં બેલ્જિયમના ઉદ્યોગકારોએ પોર્ટ દ્વારા ઓફર કરવામાં આવતી સેવાઓ વિશે સમજ આપી હતી અને બેલ્જિયન કંપનીઓ અને ગુજરાતના વેપાર ક્ષેત્રો વચ્ચે ઉપલબ્ધ સહયોગની તકોની ચર્ચા કરી હતી.

--------------------------

## BHAVNAGAR BHARATI MELO

ભાવનગરની રોજગાર વિનિમય કચેરી ખાતે આવતીકાલે સવારે 11 વાગ્યે ભરતી મેળો યોજાશે. આ મેળામાં નર્સિંગ સ્ટાફ, વેલ્ડર, ફિટર, મશીનિસ્ટ સહિત વિવિધ જગ્યાઓ ખાનગી કંપનીના નોકરીદાતાઓ ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેશે.

જીએનએમ- ગુજરાત નર્સિંગ કાઉન્સિલ, બીએસસી નર્સિંગ, આઈટીઆઈ, ડિપ્લૉમા અને સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતા 18થી 40 વર્ષ સુધીની વયના ઉમેદવારોની નોકરી માટે પસંદગી કરાશે એમ ભાવનગર જિલ્લા રોજગાર અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

.................